## દાહોદના મે. ત્રીજા એડી. ચીફ.જ્યુડી.મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મું.દાહોદ

**ક્રિ.કે.નં. ૫૦૧૯/૨૦૨૪**

આંક– ૮

ફરીયાદી :– શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી :– આશિષભાઈ તાનસીંગભાઈ બિલવાળ

ગુન્હો:– બી.એન.એસ..કલમ – ૨૮૧ મુજબ

**–:: જ જ મે ન્ટ ::–**

૧. આ કામના આરોપી સામે તા.૦૬/૧૧/૨૦૨૪ ના રોજ ફરીયાદી ધ્વારા રજુ કરવામાં આવેલ ચાર્જશીટમાં જણાવ્યા મુજબ આરોપીએ દાહોદ બી.ડીવીઝન પો.સ્ટે. વિસ્તારમાં બી.એન.એસ.ક.૨૮૧ મુજબનો શીક્ષાને પાત્ર ગુનાનો આરોપ મુકવામાં આવેલ છે અને તે મુજબની બી.એન.એસ.ક.૨૮૧ મુજબની ચાર્જશીટ આ કામના ફરીયાદી / ત.ક.અમ.એ અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે અને તેને વેરીફાઈ કરી કોર્ટમાં રજીસ્ટરે નોંધવામાં આવે છે.

૨. આરોપીને આજરોજ અદાલતમાં હાજર રખાવતા તેને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલ. આરોપીએ ગુનાની કબુલાત પુરસીસ આપેલ છે અને આરોપીનું નિવેદન લેવામાં આવેલ છે જેમાં આરોપીએ ગુનો કબુલ કરેલ હોય ગુનાની કબુલાત સાચી અને સ્વૈસ્છિક છે તેથી તેને ના સ્વીકારવા કોઈ કારણ નથી જેથી આરોપીને સદર ગુનામાં તકસીરવાર ઠરાવવામાં આવે છે.

૩. આરોપીએ વધુમાં એવી કબુલાત કરેલ છે કે, તેઓ ગરીબ વર્ગના માણસ છે અને આ ગુનો તેમનાથી અજાણતામાં થયેલ છે અને તેમનો આ પ્રથમ ગુનો છે અને હવે પછી આવો ગુનો નહી કરવાની બાંહેધરી આપે છે અને દયાની માંગણી કરેલ છે. જો આરોપીને જેલની સજા કરવામાં આવે તો આરોપી રીઢા ગુનેગારના સપંર્કમાં આવે અને તેમ થયેથી આરોપી ઉપર વિપરીત અસર થાય તેમ તેમજ કેસના સંજોગો અને હકીકતને ધ્યાને લઈ ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

આરોપીને બી.એન.એસ.એસ.–૨૦૨૩ ની કલમ ૨૭૫ (કોરસ્પોન્ડીંગ એકટ ક્રિ.પ્રો.કો. ની કલમ– ૨૫૨) અન્વયે બી.એન.એસ. કલમ– ૨૮૧ (કોરસ્પોન્ડીંગ એકટ ઈ.પી.કો. કલમ– ૨૭૯) મુજબના ગુના માટે તકસીરવાન ઠરાવી રૂપિયા ૩૦૦/– (અંકે રૂપિયા ત્રણસો) પુરા નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને દંડ ના ભરે તો દિન–૩ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૩મી માહે સપ્ટેમ્બર સને ૨૦૨૫ ના રોજ નેશનલ લોક અદાલતના સ્પેશ્યલ સીટીંગમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩/૦૯/૨૦૨૫
દાહોદ

(સતિષસિંહ બી. ચૌહાણ)
ત્રીજા એડી. ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ દાહોદ
(જજ કોડ નં.જીજે.૦૧૨૬૯)